પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૫૨ | ૨૪ નવેમ્બર, ૨૦૨૧, બુધવાર; કારતક વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

યુરોપમાં કોરોના વકરતાં ફરી પ્રતિબંધો લદાયા

કેસો વધતાં અમુક દેશોએ પ્રતિબંધ લગાવવાના શરૂ કર્યાં : પ્રતિબંધો લગાવતાં ઠેર-ઠેર તોફાન : જર્મનીમાં સાત દિવસના કોરોના સંક્રમણનો દર મહામારી શરૂ થયાના સમયથી સૌથી ઉચ્ચતમ સ્તરે પહોંચી ગયો છે, યુરોપના દેશોમાં કોરોનાનો હાહાકાર

નવી દિલ્હી,તા.૨૩

યુરોપમાં કોરોના વકર્યો છે, અને આ વખતે કોરોનાનાં કેસો વધતાં ચિંતામાં બમણો વધારો થયો છે. કેમ કે, એકબાજુ કેસો વધી રહ્યા છે, તો બીજી બાજુ કોરોનાના પ્રતિબંધો લગાવવામાં આવતાં યુરોપનાં અમુક દેશોમાં હિંસક દેખાવો ફાટી નીકળ્યા છે. યુરોપમાં નવા કેસોનો આંક સતત વધી રહ્યો છે. ગત અઠવાડિયે ડબલ્યુએચઓએ જણાવ્યું કે, હાલના સમયમાં યુરોપ એ મહામારીનું હોટ સ્પોટ છે, અને હાલના સમયમાં યુરોપમાં કોરોનાના મૃત્યુઆંકમાં વધારો નોંધાયો છે. દુનિયામાં સૌથી વધારે વેક્સિનેશન યુરોપના દેશોમાં થયું છે, તેમ છતાં અહીં ફરીથી કોરોનાએ માથું ઊંચકતાં ચિંતાના વાદળો છવાઈ ગયા છે. અને કેસો વધવાની સાથે પ્રતિબંધો લગાવવામાં આવતાં લોકો દ્વારા તેનો વિરોધ કરવામાં આવી રહ્યો છે અને અમુક દેશોમાં હિંસક પ્રદર્શનો થઈ રહ્યા છે. અને યુરોપના અમુક શહેરોમાં એન્ટી વેક્સિનેશન માર્ચ પણ કાઢવામાં આવી રહ્યા છે. ફ્રાન્સમાં એક જ અઠવાડિયામાં કોરોનાનાં કેસોમાં ૮૧ ટકાનો ઉછાળો આવ્યો છે. ગત અઠવાડિયે ફ્રાન્સમાં કોરોનાનાં ૯૪૫૮ કેસો નોંધાયા હતા, જેની સામે આ અઠવાડિયામાં શનિવાર સુધી ૧૭,૧૫૩ કેસો નોંધાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

અમારો અહેવાલ જાહેર કરો, ખેડૂતો ગેરમાર્ગે દોરવાયા : ધનવત

કૃષિ કાયદા પરની કમિટીના સભ્યએ સીજેઆઈને પત્ર લખ્યો : અહેવાલ શૈક્ષણિક ભૂમિકા પણ ભજવી શકે છે અને ઘણા ખેડૂતોની ગેરસમજને હળવી કરી શકે છે એવો કમિટિના સભ્ય અનિલ ધનવતનો અભિપ્રાય

નવી દિલ્હી , તા.૨૨

સુપ્રીમ કોર્ટ દ્વારા કૃષિ કાયદાને લઈને નિયુક્ત કમિટીના સભ્યો પૈકી એક ખેડૂત આગેવાન અનિલ ધનવતે મંગળવારે ભારતના મુખ્ય ન્યાયાધીશને પત્ર લખીને વિનંતી કરી હતી કે માર્ચમાં પેનલ દ્વારા સબમિટ કરેલા અહેવાલને વહેલામાં વહેલી તકે બહાર પાડવા પર વિચાર કરે અથવા સમિતિને આમ કરવા માટે અધિકૃત કરે. સીજેઆઈ એન વી રમાણાને લખેલા પત્રમાં ધનવતે જણાવ્યું હતું કે, સંસદના આગામી શિયાળુ સત્રમાં કૃષિ કાયદાને રદ કરવાના સરકારના નિર્ણય પછી, સમિતિનો અહેવાલ હવે તે કાયદાઓ સાથે સંબંધિત નથી પરંતુ ખેડૂતો અંગેના અહેવાલમાં સૂચનો છે. જે વિશાળ સમુદાયના ભલા માટે ખૂબ ઉપયોગી થઈ શકે છે. તેમણે કહ્યું કે અહેવાલ શૈક્ષણિક ભૂમિકા પણ ભજવી શકે છે અને ઘણા ખેડૂતોની ગેરસમજને હળવી કરી શકે છે, જેઓ મારા મતે, કેટલાક નેતાઓ દ્વારા ગેરમાર્ગે દોરવામાં આવ્યા છે. જેઓ એ બાબતની દરકાર રાખતા નથી કે લઘુતમ રીતે નિયંત્રિત મુક્ત બજાર તેના સૌથી વધુ ઉત્પાદક ઉપયોગ માટે રાષ્ટ્રીય

સંસાધનોને કેવી રીતે ફાળવી શકે છે. ખેડૂત સંગઠનના વરિષ્ઠ નેતા અને સ્વતંત્ર ભારત પાર્ટીના પ્રમુખ ધનવતે સુધારાની જરૂરિયાતો પર ભાર મૂક્યો, તેમણે કહ્યું કે જ્યારે ચોક્કસ કાયદાઓ હવે અસ્તિત્વમાં નથી, ત્યારે આ કાયદાઓમાં પ્રતિબિંબિત થયેલા સુધારાની પ્રેરણા ઓછી થઈ નથી.

દેશમાં કેસ ઘટ્યા : માત્ર ૭૫૭૯ નવા કેસ

દેશમાં કોરોનાના કેસ ઘટી રહ્યા છે : અત્યાર સુધીમાં ૧૧૭૬૩૭૩૪૯૯નું રસીકરણ થયું, જેમાંથી ૭૧૯૨૧૫૪ ડોઝ ગઈકાલે આપવામાં આવ્યા

નવી દિલ્હી, તા.૨૩

ભારતમાં કોરોનાના કેસ ઘટી રહ્યા છે. દેશમાં સળંગ ૪૬માં દિવસે કોરનાના નવા કેસ ૨૦ હજારથી નીચે રહ્યા છે. જ્યારે સળંગ ૧૪૯માં દિવસે કોરોનાના નવા કેસ ૫૦ હજારથી નીચે નોંધાયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૭૫૭૯ નવા કેસ નોંધાયા છે અને ૨૩૬ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો છે. ૧૨,૨૦૨ લોકો કોરોના સામે જંગ જીત્યા છે. આજે નોંધાયેલા કેસ ૫૪૩ દિવસ બાદ નોંધાયેલા સૌથી ઓછા કેસ છે. દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૫૩૬ દિવસની નીચલી સપાટી ૧,૧૩,૫૮૪ પહોંચી છે. રિકવરી રેટ ૯૮.૨૬ ટકા છે, જે માર્ચ ૨૦૨૦ પછી સૌથી વધારે છે.

દેશમાં નોંધાયેલા કુલ કેસ પૈકી કેરળમાં ૩૬૯૮ કેસ નોંધાયા છે અને ૭૫ સંક્રમિતોના મોત થયા છે. સોમવારે દેશમાં ૮૪૮૮ નવા કેસ નોંધાયા હતા અને ૨૩૬ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો હતો.

દેશમાં અત્યાર સુધીમાં ૧૧૭,૬૩,૭૩,૪૯૯ લોકોનું રસીકરણ થયું છે. જેમાંથી ૭૧,૯૨,૧૫૪ ડોઝ ગઈકાલે આપવામાં આવ્યા હતા. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યા મુજબ દેશમાં અત્યાર સુધીમાં ૬૩,૩૪,૮૯,૪૩૯ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ગઈકાલે ૯,૬૪,૯૮૦ સેમ્પલ ટેસ્ટ કરાયા હતા.

રોલ્સ રોયસે ૬૨૩ કિમીની ઝડપથી ઊડી શકે એવું ઈલેક્ટ્રિક પ્લેન બનાવ્યું

વિમાનને સ્પિરિટ ઓફ ઈનોવેશન નામ આપવામાં આવ્યું

નવી દિલ્હી, તા.૨૩

જાણીતી કંપની રોલ્સ રોયસે સૌથી વધુ ઝડપથી ઉડી શકતુ ઈલેક્ટ્રિક પ્લેન બનાવવામાં સફળતા મેળવી છે. આ વિમાન પ્રતિ કલાક ૬૨૩ કિમીની ઝડપથી ઉડવા માટે સક્ષમ છે.તેની સાથે જ અગાઉના ઈલેક્ટ્રિક પ્લેનનો પ્રતિ કલાક ૨૧૨ કિમીની ઝડપથી ઉડવાનો રેકોર્ડ પણ તુટી ગયો છે.વિમાનને સ્પિરિટ ઓફ ઈનોવેશન નામ આપવામાં આવ્યુ છે.તેની બેટરી એટલી પાવરફુલ છે કે તેનાથી એક સાથે ૭૫૦૦ સ્માર્ટ ફોન ચાર્જ થઈ શકે છે. આ વિમાને તાજેતરમાં થયેલી ટ્રાયલમાં ૧૧ મિનિટમાં ૩ કિમીનુ અંતર કાપ્યુ હતુ.વિમાને ૨૦૨ સેકન્ડમાં ૩૦૦૦ મીટરની ઉંચાઈ પ્રાપ્ત કરી હતી.કંપનીના સીઈઓ વોરેન ઈસ્ટે કહ્યુ હતુ કે, કાર્બન મુક્ત વિમાનોની દીશામાં આ એક મોટી સફળતા છે.એક વખત ચાર્જ કર્યા બાદ પ્લેન ૩૦ મિનિટ સુધી ઉડી શકે છે.કંપની જોકે એક ચાર્જમાં ૧૬૦ કિલોમીટરની મુસાફરી થઈ શકે તેવી ટેકનોલોજી પર પણ કામ કરી રહી છે. રોલ્સ રોયસના નવા પ્લેનમાં ૬૪૮૦ સેલ્સ વાળી બેટરી લગાવવામાં આવી છે.આ બેટરીથી જનરેટ થવા પાવરથી વિમાનના પ્રોપલરને ૨૨૦૦ આરપીએમની ઝડપથી ફેરવી શકાય છે.બેટરી ગરમ ના થાય તે માટે ખાસ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ભારત પાક.ના રસ્તે અફઘાન ૫૦ હજાર મેટ્રીક ટન ઘઉં મોકલશે

ઇમરાન ખાને મંજૂરી આપી : ભારતે અફઘાનમાં ૫૦૦૦૦ મેટ્રિક ટન ઘઉં મોકલવાની જાહેરાત કરી હતી અને પાકિસ્તાનને વિનંતી કરી હતી

ઈસ્લામાબાદ,તા.૨૩

પાકિસ્તાને વાઘા બોર્ડર દ્વારા અફઘાનિસ્તાનને માનવીય સહાયતા તરીકે ૫૦ હજાર મેટ્રિક ટન ઘઉં મોકલવાની ભારતની વિનંતીનો સ્વીકાર કરી લીધો છે. પાકિસ્તાની પ્રધાનમંત્રી કાર્યાલય તરફથી ટ્વીટ કરી આ વાતની જાણકારી આપવામાં આવી છે કે પ્રધાનમંત્રી ઈમરાન ખાને પાકિસ્તાન થતા ભારત દ્વારા અફઘાનિસ્તાન સુધી મોકલાતી માનવીય સહાયતાને મંજૂરી આપી દીધી છે. પરંતુ ભારત સરકારના સૂત્રોએ કહ્યું કે કોઈ પ્રકારની ઔપચારિકતાને હજુ અંતિમ રૂપ આપવામાં આવ્યું નથી. આ સિવાય પાકિસ્તાન પીએમ ઓફિસ તરફથી તે પણ જણાવવામાં આવ્યું છે કે પાકિસ્તાન એવા અફઘાની દર્દીઓની વાપસીને સરળ બનાવશે, જે સારવાર માટે ભારત ગયા હતા અને ત્યાં ફસાયા હતા. ગયા મહિને, ભારતે માનવતાવાદી સહાય તરીકે અફઘાનિસ્તાનને ૫૦,૦૦૦ મેટ્રિક ટન ઘઉં મોકલવાની જાહેરાત કરી હતી અને પાકિસ્તાનને વિનંતી કરી હતી કે તે વાઘા બોર્ડર દ્વારા અનાજ મોકલવાની મંજૂરી આપે. તમને જણાવી દઈએ કે અફઘાનિસ્તાનના કાર્યવાહક વિદેશ મંત્રી અમીર અહમદ મુત્તાકીએ ગયા અઠવાડિયે પીએમ ઈમરાન ખાનને વિનંતી કરી હતી કે ભારતને પાકિસ્તાન દ્વારા ઘઉં મોકલવાની મંજૂરી આપવામાં આવે. તેણે કહ્યું હતું કે તાલિબાન સરકાર ભારત પાસેથી માનવીય મદદ લેવા તૈયાર છે.

કોંગ્રેસનો કચરો અમે લેવા માગતા નથી : કેજરીવાલ

નવી દિલ્હી, તા.૨૩

પંજાબની મુલાકાતે ગયેલા દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે કોંગ્રેસ પર મોટો હુમલો કર્યો છે. અમૃતસરમાં મીડિયા સાથે વાતચીતમાં કહ્યુ હતુ કે, અમે કોંગ્રેસનો કચરો અમારી પાર્ટીમાં લેવા માંગતા નથી.નહીંતર સાંજ સુધીમાં કોંગ્રેસના ૨૫ ધારાસભ્યો અને બે થી ત્રણ સાંસદ આમ આદમી પાર્ટીમાં સામેલ હોત. તેમણે કહ્યુ હતુ કે, દરેક પાર્ટીમાં એવુ થતુ હોય છે કે, જેમને ટિકિટ નથી મળતી તે નારાજ થઈ જાય છે.પાર્ટી તેમને મનાવે છે અને તેમાંના કેટલાક માની જાય છે તો કેટલાક નારાજ થઈને બીજી પાર્ટીમાં જતા રહે છે.કોંગ્રેસના ઘણા નેતાઓ અમારા સંપર્કમાં છે પણ અમારે કોંગ્રેસનો કચરો નથી જોઈતો. કેજરીવાલે કહ્યુ હતુ કે, જો હું કોંગ્રેસનો કચરો લેવા માંગતો હોઉં તો ચેલેન્જ આપુ છું કે, આજે સાંજ સુધીમાં કોંગ્રેસના ૨૫ ધારાસભ્યો મારી પાર્ટીમાં સામેલ થઈ શકે છે.અમારા તો બે જ ધારાસભ્યો કોંગ્રેસમાં ગયા છે પણ કોંગ્રેસના તો ૨૫ ધારાસભ્યો અને બે થી ત્રણ સાંસદ અમારા સંપર્કમાં છે. તેમણે કહ્યુ હતુ કે, પાર્ટીઓ ચૂંટણી નજીક આવે પછી જ મુખ્યમંત્રી તરીકેના ઉમેદવારની જાહેરાત કરતી હોય છે.

દેશના અનેક શહેરમાં ટામેટાનો ભાવ ૧૫૦ રુપિયાને પાર

આંધ્ર-કર્ણાટકમાં ટામેટાનો પાક ખરાબ થયો

બેંગલોર, તા.૨૩

શિયાળામાં સામાન્ય રીતે ઓછા ભાવે મળતા ટામેટાની કિંમતોમાં આગ લાગી રહી છે. ૨૦ રુપિયે કિલોની આસપાસ મળનારા ટામેટા ઘણા શહેરોમાં ૧૦૦ રુપિયે કિલોના ભાવે વેચાઈ રહ્યા છે અને તેમાં પણ ચેન્નાઈમાં તો ટામેટાની કિંમત ૧૬૦ રુપિયે કિલો સુધી પહોંચી ગઈ છે.આંધ્ર પ્રદેશ અને કર્ણાટકમાં ટામેટાનો પાક આ વખતે ખરાબ થયો હોવાથી ટામેટાના ભાવ આસમાનને આંબી રહ્યા છે. ઓછુ ઉત્પાદન સામે વધેલી માંગ અને ટ્રાન્સપોર્ટેશનની કિંમત પણ વધી હોવાથી ટામેટાની કિંમતોમાં ધરખમ વધારો થયો છે.બેંગ્લોરમાં ટામેટા ૧૧૦ રુપિયે કિલો અને દુંગળી ૬૦ રુપિયે કિલો પર પહોંચી છે.મુંબઈમાં ટામેટા ૮૦ રુપિયે કિલોની આસપાસના ભાવે વેચાઈ રહ્યા છે.દિલ્હીમાં ૬૦ થી ૯૦ રુપિયાના ભાવે ટામેટા વેચાઈ રહ્યા છે.ટામેટાના ભાવમાં વધારો થવા માટે પેટ્રોલ અને ડિઝલની કિંમતોમાં થયેલો વધારો પણ મહત્વનુ કારણ છે. જથ્થાબંધ માર્કેટના વેપારીઓનુ કહેવુ છે કે, પહેલા ખેતરમાંથી ૫૦૦ રુપિયે ૨૭ કિલો ટામેટા મળતા હતા અને હવે ૩૦૦૦ રુપિયાના ભાવે આટલો જથ્થો મળે છે.વધતી કિંમતોના કારણે લોકોએ ટામેટાની જગ્યાએ બીજા વિકલ્પો પર પણ નજર દોડાવવા માંડી છે.

દવાની અસર ન થાય એવી ફૂગથી દિલ્હીમાં બે દર્દીનાં મોત

ભારતમાં નવા પ્રકારની ફૂગના કેસ સામે આવ્યા : એક દર્દીની ઉંમર ૫૦ થી ૬૦ વર્ષની વચ્ચે હતી અને બીજાની ઉંમર ૪૫ વર્ષથી ઓછી હતી

નવી દિલ્હી , તા.૨૩

દિલ્હીમાં નવા પ્રકારની ફૂગના કારણે થયેલા મૃત્યુ આશ્ચર્યજનક છે. એઈમ્સના ડોકટરોએ બે દર્દીઓમાં એસ્પરજિલિયસ લેન્ટુલસ નામના પેથોજનની હાજરીની પુષ્ટિ કરી છે. ફૂગની આ પ્રજાતિ પર કોઈ દવાની કોઈ અસર થતી નથી. ક્રોનિક ઓબ્સ્ટ્રેકટીવ પલ્મોનરી ડિસીઝ (સીઓપીડી) થી પીડિત બંને દર્દીઓનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. એસ્પરજિલિયસ લેન્ટુલસ એ એસ્પરજિલિયસની એક પ્રજાતિ છે જે ફેફસાંને ચેપ લગાડે છે. ૨૦૦૫ માં તબીબી વિશ્વમાં તેનો પ્રથમ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ત્યારથી, ઘણા દેશોમાં માનવ સંક્રમણના કેસ નોંધાયા છે. જો કે, ડોકટરોના જણાવ્યા અનુસાર, ભારતમાં આ પ્રકારની ફૂગના ચેપનો આ પ્રથમ કેસ છે. ઈન્ડિયન જર્નલ ઑફ મેડિકલ માઈક્રોબાયોલોજી (આઈજેએમએમ) માં પ્રકાશિત થયેલા કેસ રિપોર્ટ અનુસાર, એક દર્દીની ઉંમર ૫૦ થી ૬૦ વર્ષની વચ્ચે હતી અને બીજાની ઉંમર ૪૫ વર્ષથી ઓછી હતી. બંનેને સીઓપીડી હતું. એક દર્દીને ખાનગી હોસ્પિટલમાં સારવારમાં સુધારો ન થતાં તેને એઈમ્સમાં રીફર કરવામાં આવ્યો હતો. તેને અહીં એમ્ફોટેરિસિન બી અને ઓરલ વોરીકોનાઝોલ ઈન્જેક્શન આપવામાં આવ્યા હતા. એક મહિના સુધી સારવાર કરવા છતાં સ્થિતિમાં સુધારો થયો ન હતો અને દર્દીનું મૃત્યુ થયું હતું. જ્યારે બીજા દર્દીને તાવ, ઉધરસ અને શ્વાસ લેવામાં તકલીફની ફરિયાદ સાથે એમ્સ ઈમરજન્સીમાં લાવવામાં આવ્યો હતો.

ભાવ ઘટાડવા ઈમરજન્સી સ્ટોકને બજારમાં મૂકાશે

મુખ્ય અર્થવ્યવસ્થાની સાથે તાલમેલ બેસાડી ઇમરજન્સી સ્ટોકમાંથી ૫૦ લાખ બેરલ તેલ કાઢવાની કેન્દ્રની યોજના

નવી દિલ્હી , તા.૨૩

એક્સાઈઝ ડ્યૂટી ઓછી થવા છતાં દેશના અનેક શહેરોમાં પેટ્રોલનો ભાવ ૧૦૦ રૂપિયા પ્રતિ લીટરથી વધુ છે. તો ઘણા મોટા શહેરોમાં ડીઝલે પણ આ સ્તરને પાર કરી લીધું છે. હવે તેલની કિંમતોને કંટ્રોલ કરવા માટે કેન્દ્ર સરકાર એક નવા પ્લાન પર કામ કરી રહી છે. ન્યૂઝ એજન્સીના પ્રમાણે ભારત કાચા તેલની કિંમતોમાં ઘટાડો કરવા માટે અન્ય મુખ્ય અર્થવ્યવસ્થાઓની સાથે તાલમેલ બેસાડી પોતાના રણનીતિક તેલ ભંડાર (ઈમરજન્સી સ્ટોક) માંથી ૫૦ લાખ બેરલ તેલ કાઢવાની યોજના બનાવી રહ્યું છે. સરકારના એક વરિષ્ઠ અધિકારીએ મંગળવારે જણાવ્યું કે ઈમરજન્સી સ્ટોકમાંથી કાઢવામાં આવતા આ કાચા તેલને મંગલોર રિફાઈનરી એન્ડ પેટ્રોકેમિકલ્સ લિમિટેડ (એમઆરપીએલ) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસીએલ) ને વેચવામાં આવશે. આ બંને સરકારી તેલ શુદ્ધિકરણ એકમો પાઈપલાઈન દ્વારા વ્યૂહાત્મક તેલ ભંડાર સાથે જોડાયેલા છે. ન્યૂઝ એજન્સી પીટીઆઈ પ્રમાણે અધિકારીએ કહ્યું કે, આ વિશે ઔપચારિક જાહેરાત જલદી કરવામાં આવશે.

વિશેષઅધિકારથી સુપ્રીમે છાત્રને IITમાં પ્રવેશ અપાવ્યો

ટેકનિકલ ખામીથી ફી ભરી શકાઈ નહતી

નવી દિલ્હી , તા.૨૩

દેશની સર્વોચ્ચ અદાલતે આર્ટિકલ ૧૪૨ હેઠળ પ્રાપ્ત પોતાના વિશેષાધિકારનો ઉપયોગ કરીને એક દલિત વિદ્યાર્થીનું આઈઆઈટી બોમ્બેમાં એડમિશન કરાવ્યું છે. ઉત્તરપ્રદેશનો આ વિદ્યાર્થી ટેકનિકલ ખામીને કારણે અનેકવાર પ્રયાસ કર્યા છતાંય નિયત તારીખ સુધીમાં ફી ના ભરી શકતા સંસ્થા દ્વારા તેને એડમિશન આપવાની મનાઈ કરી દેવાઈ હતી. જોકે, મામલો સુપ્રીમમાં પહોંચતા કોર્ટે તેની ગંભીરતા જોતા ૪૮ કલાકની અંદર તેનું એડમિશન કન્ફર્મ કરવા કહ્યું હતું. કોર્ટે જણાવ્યું હતું કે, જો આવા વિદ્યાર્થીઓને એડમિશન નહીં મળે તો આઈઆઈટીની બેઠકો માત્ર મેટ્રોપોલિટન શહેરોમાં રહેતા સ્ટૂડન્ટ્સ પૂરતી જ મર્યાદિત રહી જશે. જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડ

● અનુસંધાન પાન-૭ પર